# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

સુખ ની કથાઓ ના વંચાવો,
દુઃખનાં ગાણાં ના સંભળાવો.

ભાર ઘણો છે આ દુનિયાનો,
ખૂદ નાં શિર પર ના ઉઠાવો.

રોજ રમો છો કપટી રમતો,
ભાલે તિલક શાને લગાવો.

કહેણી કરણી કાયમ ખોટી.
વાણીનું ઝેર નાં ફેલાવો.

- વિનોદ વ્યાસ 'ગજબ'

## પાથેય

- રમેશ ઠક્કર

# સીધી બાત...

કેટલીક વાતો સીધી સાદી છતાં હૃદયને સ્પર્શી જાય એવી હોય છે.આપણી મૂળભૂત વૃત્તિઓને ટૂંકા શબ્દોમાં ઉજાગર કરી જાય છે.માણસમાત્ર ને પોતાનાં માનસન્માન,પોતાની સંપત્તિ,પોતાને મળેલું સુખ, આ બધું વ્યક્ત કરવાની એક તલાવેલી હોય છે.એટલે જે અત્ર,તત્ર,સર્વત્ર એ પોતાની સાફલ્યકથાઓ વર્ણવતો રહે છે.આથી ઊલટું એ જ્યારે દુઃખમાં હોય છે કે કોઈ આપત્તિમાં હોય છે ત્યારે એનાં રોદણાં પણ રડતો રહે છે ! એવું પ્રસ્થાપિત કરે છે કે પોતાને જેટલું દુઃખ પડ્યું છે એટલું કોઈને પડ્યું નહીં હોય.પોતાની ખુશીઓને ગાઈ વગાડીને જાહેર કરતો માણસ જ્યારે નાની સરખી મુશ્કેલી સામે આવે છે ત્યારે એ એની સામે ઉહાપોહ કરી મૂકે છે. કવિને આ બાબતનું ભારે વિસ્મય છે.માણસ આવું કેમ કરે છે એના માટેનો એક પ્રશ્ન પણ થાય છે.સાથે જ એ આવું ન કરવા માટે આપણને સરળ ભાષામાં સમજાવે છે..

ઘણા લોકોને જગતને સતત કશુંક કહેવું હોય છે.એમની પાસે દરેક સમસ્યાનો જાણે ઉકેલ હાથવગો છે. કહેવાય છે કે કોઈ ગાડાની નીચે ચાલતો શ્વાન પોતે એમ માને કે આ ગાડું જે ગતિ કરી રહ્યું છે એ મારા લીધે જ છે ! આવું ભ્રમનિરસન ભલે રમુજી લાગતું હોય પણ એ ઘણા લોકો માટે મનગમતું બની રહે છે.આ સ્થિતિ ઘણા લોકો માટે હોય છે. જાનમાં કોઈ જાણે નહીં અને કહે કે વરની ફોઈ હું.વાસ્તવમાં આ દુનિયા વિશાળ છે. એમાં વિવિધ આશ્ચર્યો ભરેલા છે એના પ્રવાહમાં દુઃખ અને સુખની ભરતી ઓટ આવ્યા કરે છે.માણસ જરીક વિચારે એ પહેલા અહીં અનેક ઘટનાઓ એકસાથે બની જાય છે.આપણી શક્તિઓ,આપણું બળ,આપણી સંપત્તિ મ,એ માટે ખૂબ જ વામણાં પુરવાર થાય છે.અહી પારાવાર પ્રશ્નો છે.એનો વ્યાપ ખૂબ જ મોટો છે એને પોતાના શિરે શું કામ ઉઠાવવો જોઈએ ?કેટલીય બાબતો એવી હોય છે જેમાં આપણે સીધી રીતે કશું જ કરવાનું હોતું નથી.પોતાના ભાગે અથવા તો પોતાના વ્યાપમાં જે ચીજ આવે એટલા પૂરતું જ માણસ જો અનુસંધાન રાખે તો કોઈ વાંધો આવતો નથી.અનુભવી માણસો કહે છે કે આખી દુનિયાનો ભાર પોતાના મસ્તક ઉપર ઉઠાવવાની બાલિશતા ના કરો.. આપણી આસપાસના માહોલનો એની વ્યાપકતા સાથે સ્વીકાર કરો?એ પ્રકારની સમજ કેળવો..

આદમી બહારથી કંઈક અલગ હોય છે. અંદરથી કંઈક જુદો અનુભવાય છે. કહેવાય છે કે હાથીના દાંત બહાર દેખાડવા માટેના અલગ હોય છે,અને ખોરાક ચાવવા માટેના અલગ હોય છે ! માણસ માટે આ ઉપમા બરાબર ફીટ બેસે છે.આપણું વ્યક્તિત્વ દ્વિમુખી શા માટે થતું હશે ? એ એક યક્ષ પ્રશ્ન છે.કારણ વગર માણસ કપટી રમતો અને સંબંધોના આટાપાટા રમતો રહે છે.પોતાની આ વૃતિને છુપાવવા માટે એ બહારથી સીધા સાદા સરળ માણસ હોવાનો એક સરસ મુખવટો ધારણ કરે છે.ભાલે તિલક લગાવી પોતાની જાતને આધ્યાત્મિક ગણાવવાનો પ્રપંચ કરી અંદરખાને લોકોને ગુમરાહ કરતા અનેક લોકોની કથાઓ આપણે સાંભળીએ છીએ.કવિનો પ્રશ્ન એટલો છે કે આવી બાબતોમાં આપણે કપાળે તિલક લગાવી ઈશ્વરને શું કામ વચ્ચે લાવવો જોઈએ ? આ તો એક મહાપ્રપંચ ગણી શકાય માણસે જેવા છે એવા જ દેખાવાની નિખાલસતા ધારણ કરવી જરૂરી છે.

જગતમાં અનેક પ્રકારનાં ઝેર છે.એની સામે અમૃત કટોરા પણ છે.કેટલાક લોકો અમૃતનું આચમન કરાવે છે,તો કેટલાક ઝેર ફેલાવવાનું કામ કરતા રહે છે. ઝેર એટલે નકારાત્મકતા.અમુક લોકોની વાણી બહુ સરસ હોય.એમના વર્તનમાં વિરોધાભાસ દેખાય.પોતાની વાણી થકી જાતજાતની કલુષિતતા ફેલાવી માણસો નકારાત્મકતાનો સંદેશ ફેલાવતા રહે છે. એની સામે કવિ આપણને સજાગ કરે છે.કહેણી અને કરણી આ બંને કાયમ ખોટી રાખી શા માટે તમે બોલીને આવું ઝેર ફેલાવો છો ? અનાદિકાળથી ચાલ્યા આવતો આ પ્રશ્ન છે.છતાં દરેક કાળમાં માણસ આ જ રીતે વર્તે છે.એના માટે અનેક સમુદ્રમંથનો થયાં છે.કસોટીઓ થઈ છે.છતાં માણસ પોતાની વાણીને લગામ આપી શક્યો નથી.એ પણ એક મોટું વિસ્મય ગણી શકાય. સર્જકો આ વિશ્વ વિશ્વમાંથી જ કોઈ રામબાણ ઈલાજ શોધી આપણી સમક્ષ એક આદર્શ સ્વરૂપે એ મૂકી આપે છે.એ અનુસરવા માટે આપણી પોતાની અંદરની શક્તિ જ કામ લાગતી હોય છે...

# જલ્દી કદમ બઢાઈયે સા'બ, શાયદ વો આ ગઈ હૈ



સ-રસ

મમતા બુચ

દાર્જિલિંગની એ ખુશનુમા ઢળતી સાંજે પહાડોની ખામોશી હવામાં ગૂંજી રહી હતી. સહેલાણીઓની અવરજવર ધીમે-ધીમે ઓછી થઈ રહી હતી. ઠંડીનું સામ્રાજ્ય ચારે બાજુ છવાઈ રહ્યું હતું. ક્યાંક-ક્યાંક તાપણાંના ચમકારાઓ પણ દેખાઈ રહ્યા હતા. ચહલપહલ ભરેલા માર્ગો શાંત પડી રહ્યા હતા.

શહેરના મુખ્ય વિસ્તારોથી દૂર ચાના બગીચાઓ પાસે સ્થાનિક લોકોનાં ઘરો આવેલાં હતાં. એમાં પણ જલ્દી-જલ્દી જમીને ગરમ ધાબળાઓમાં લપેટાઈને ઠંડીથી જાતને બચાવવાની તૈયારીઓ થઈ રહી હતી.

એવા સમયે પોતાના ઘર તરફ ઉતાવળે પગલે જઈ રહેલા નાથુને પાછળથી એક અવાજ સંભળાયો. "જરા ઠહેરો, ભાઈ!" નાથુએ પાછળ ફરીને જોયું. ગરમ વસ્ત્રોમાં સજ્જ શહેરી જેવો લાગતો કોઈ યુવાન એને બોલાવી રહ્યો હતો. "બોલો, સા'બ!", નાથુ ઉતાવળે સ્વરે બોલ્યો.

"યે દાસપુર ગાંવ કિધર પડતા હૈ?" યુવાને પૂછ્યું. નાથુ બોલ્યો, "યહાં સે કુછ હી કિલોમીટર દૂર. આપકો વહાં જાના હૈ? ચલીયે સા'બ, મૈં ઉસી ઔર જા રહા હૂઁ."

બંને સાથે રસ્તો કાપવા લાગ્યા. થોડી સેકંડો પછી યુવાને જ વાતની શરૂઆત કરી, "તુમ દાસપુરકે હી રહનેવાલે હો ક્યા?" નાથુ બોલ્યો, "હાં સા'બ." યુવાને પૂછ્યું, "કિતના બડા હૈ તુમ્હારા ગાંવ?" નાથુએ જવાબ આપ્યો, "પહાડોંમેં કહાં બડે ગાંવ હોતે હૈં સા'બ? મેરા ગાંવ ભી છોટા સા હી હૈ. પર આપ....? યહાંકે તો નહીં દિખતે. દૂરસે આ રહે હો?"

યુવાને સ્મિત કર્યું, "ઠીક સમજા તુમને. મેરા નામ વિશ્વેશ પાંડે હૈ ઔર મૈં યુ.પી. કા રહનેવાલા હૂઁ. પેશે સે એંજિનિયર હૂઁ. યહાં થોડે દૂર ચાયકી ફેક્ટરીમેં એકાદ મહીનેસે કામ કરતા હૂઁ. પર આજ મુઝે દાસપુર જાનેકે લિયે કહાં ગયા હૈ. યે ભી કહા થા કિ છોટા સા ગાંવ હૈ, રાસ્તા કચ્ચા હૈ, ગાડી વહાં તક નહીં જાતી." નાથુ બોલ્યો, "સહી બાત હૈ સા'બ. આજ મુઝે દેર હો ગઈ હૈ. ક્યા હૈ કિ અભી બહુત લોગ દાર્જિલિંગ ઘૂમને આતે હૈં. ટૂરિસ્ટકા સિઝન ચલ રહા હૈ. મૈં ગાઇડકા કામ કરતા હૂઁ."

એટલામાં રસ્તાની બાજુમાં આવેલાં ઝાડ અચાનક ફૂંકાયેલા પવનને લીધે હલવા લાગ્યાં. વીજળીના ચમકારા સાથે વરસાદનાં એંધાણ વરતાવા લાગ્યાં. નાથુના ચહેરા ઉપર ભયનાં વાદળો છવાઈ ગયાં. "જલ્દી કદમ બઢાઈયે સા'બ, શાયદ વો આ ગઈ હૈ." વિશ્વેશે પૂછ્યું, "કૌન આ ગઈ હૈ?"

"કજરી", નાથુના ચહેરા ઉપર ગભરાટ હતો. "કજરી કૌન? ઔર યહાં ક્યૂઁ આયેગી?" વિશ્વેશના ચહેરા ઉપર નવાઈના ભાવ હતા. અચાનક કોઈકના પગલાં સાથે પડતાં હોય એવો અવાજ આવવા માંડ્યો. બંને જણા ચમકી ગયા પણ કોઈ દેખાતું નહોતું.

નાથુ માંડ-માંડ બોલી શક્યો, "સા'બ, લગતા હૈ વો હમારે સાથ હો ગઈ હૈ." વિશ્વેશ ખડખડાટ હસી પડ્યો, "ઐસા કુછ નહીં હોતા. ગાંવમેં ઈન સબ બાતોં પર લોગ જ્યાદા વિશ્વાસ કરતે હૈં." પણ નાથુ ન હસ્યો, "સા'બ. જિસ દિન આપકો અનુભવ હોગા તબ આપ વિશ્વાસ કરોગે."

એટલામાં નાથુનું ગામ નજીક આવી ગયું. ગામમાં પેસતાં જ એનું ઘર હતું. વિશ્વેશ આગળ વધવા ગયો પણ નાથુએ એને આગ્રહ કર્યો, "સા'બ. ઈતની રાતકો અકેલે ગાંવમેં ઘૂમના ઠીક નહીં. કમ સે કમ એક ચાય તો પીતે જાઈએ." પણ વિશ્વેશને ચાય કરતાં નાથુ જેની વાત કરતો હતો એમાં રસ પડ્યો હતો. "તુમને બતાયા નહીં કિ કજરી કૌન હૈ ઔર તુમ ક્યૂઁ ઉસસે ડરતે હો." "બૈઠો સા'બ." નાથુએ ખાટલો ઢાળ્યો

અને અંદર બૂમ પાડીને ઘરવાળીને ચાય બનાવવાની સૂચના આપી.

"કજરી હૈ નહીં, થી.....ઈસી ગાંવકી લડકી." નાથુ યાદ કરી રહ્યો. વિશ્વેશના ચહેરા ઉપર કુતૂહલ છવાયું, "થી મતલબ?" "મતલબ અબ વો નહીં રહી." નાથુના ચહેરા ઉપર ગંભીરતા હતી. "વો ભી ગાંવકી ઔર લડકિયોંકી તરહ ચાયકે બાગાનોંમેં કામ કરતી થી. બડી નેક ઔર ભોલી થી કજરી." વિશ્વેશ ધ્યાનથી સાંભળી રહ્યો હતો.

નાથુનો સ્વર સ્હેજ લડખડાયો. "લેકિન એક દિન વો ગૂમ હો ગઈ. કિસીકો કુછ પતા નહીં ચલા વો કહાં ગઈ. જિનકે બગીચેમેં વો કામ કરતી થી વો સેઠ ધનરાજકા બંગલા વો સામને દિખ રહા હૈ વહાં ભી પૂછા પર ઉનકો ભી કુછ પતા નહીં થા. દો દિન ઢૂંઢનેકે બાદ ઉસકી લાશ પહાડીઓંકે પીછેસે મિલી."

એ જ સમયે શેઠ ધનરાજ પોતાના બંગલામાં એક ગ્રામ્ય યુવતીને ધમકાવી રહ્યા હતા, "મેરી બાત માનકર આજ રાતકો મેરે બંગલે પે આજા, નહીં તો તેરા ભી વહી હાલ હોગા જો કજરીકા હુઆ થા. ઉસને તો મેરી બાત માની નહીં ઔર પહાડીસે કૂદકે અપની જાન દે દી. લેકિન તુઝે મૈં નહીં છોડુંગા."

બારણાંમાં ઊભેલો વિશ્વેશ હવે શેઠ સામે પ્રગટ થયો. "બહોત લડકિયોંકો સતા લિયા ધનરાજ, અબ તેરા અપને કર્મોંકા ફલ ભૂગતનેકા વક્ત હૈ." યુવતી તરફ ફરીને એ બોલ્યો, "તુમ જાઓ બહેન. મૈં સબ સંભાલ લૂંગા."

યુવતી ભાગી છૂટી પછી વિશ્વેશ અસલ રૂપમાં આવ્યો. "સુન ધનરાજ, તુઝે મરનેસે પહલે યે પતા હોના ચાહીયે કિ તું ક્યૂઁ મર રહા હૈ. મૈં યહાં સે થોડી દૂર ચાયકી ફેક્ટરીમેં એંજિનિયર થા. વહીં મેરી મુલાકાત કજરીસે હુઈ થી. હમ એક-દૂસરેકો પસંદ કરને લગે ઔર શાદી કરનેકા ફૈંસલા કિયા. જબ અપને માઁ-બાપસે યે બાત કરને લિયે મૈં શહર ગયા તો કજરીસે મૈં કહ કે ગયા થા કિ મૈં બીસ દિનકે બાદ ઉસે લેને આઉંગા. પર જબ બીસ દિનકે બાત મૈં યહાં લૌટા તો મુઝે કજરી મિલી નહીં. ઉસકી તલાશમેં મૈં ઇધર-ઉધર ભટકતા રહા. એક દિન....એક દિન રાતકે વક્ત ઐસે હી ઉસે ઢૂંઢતે હુએ કચ્ચી સડકસે મેરા પૈર ફિસલા ઔર....."

> નાથુનો સ્વર સ્હેજ લડખડાયો. "લેકિન એક દિન વો ગૂમ હો ગઈ. કિસીકો કુછ પતા નહીં ચલા વો કહાં ગઈ. જિનકે બગીચેમેં વો કામ કરતી થી વો સેઠ ધનરાજકા બંગલા વો સામને દિખ રહા હૈ વહાં ભી પૂછા પર ઉનકો ભી કુછ પતા નહીં થા. દો દિન ઢૂંઢનેકે બાદ ઉસકી લાશ પહાડીઓંકે પીછેસે મિલી."

શેઠ ધનરાજની આંખો પહોળી થઈ ગઈ. "ઔર?" વિશ્વેશની આંખોમાં પથ્થર જેવી સ્થિરતા હતી. "ઔર મેરી મૌત હો ગઈ." શેઠ ધનરાજ સડક થઈ ગયા. "તબસે મૈં યહ જાનનેકી કોશિશ કર રહા થા કિ કજરી કહાં ગઈ."

શેઠ ધનરાજના ગળામાંથી માંડ-માંડ શબ્દો નીકળ્યા, "તો યહાં આસપાસમેં જો અજીબ-અજીબ ઘટનાએં હોતી થી વો...." વિશ્વેશના ચહેરા ઉપર ડરામણું હાસ્ય હતું, "વો મેરે કારણ ....."

બીજે દિવસે આસપાસમાં સમાચાર ફેલાઈ ગયા કે શેઠ ધનરાજની લાશ પહાડીની નીચેથી બરાબર એ જગ્યાએથી મળી જ્યાંથી કજરીની લાશ મળી હતી.

# મારા બેસણાની પોસ્ટ પર કેટલી લાઈક્સ આવશે?



નખરાળી જિંદગી

નિયતી કાપડીયા

એક ભાઈને એવી ટેવ કે સવારે જેવું છાપુ હાથમાં લે એવી સૌથી પહેલાં એમાં આવેલી બેસણાની જાહેરખબર વાંચી જાય. ગુજરી જનાર વ્યક્તિનું નામ, ઉંમર, ગુજરી જવાનું કારણ વગેરે એ યાદ રાખી લેતા ને પછી બાકીનો આખો દિવસ એ જેને જેને મળે એમને જાણ કરતા કે ફલાણી વ્યક્તિ આજે ગુજરી ગઈ.

બીજા લોકો તો ઠીક પણ એમના ઘરના માણસો એ ભાઈની આ ટેવથી અકળાઈ જતા. એમનું કહેવું એમ કે દુનિયામાં રોજ કોઈ ને કોઈ માણસ ગુજરી જવાનું એમાં નવાઈ શી છે. કોણ કેવી રીતે, કેટલી ઉંમરે મરણને શરણ થયું એ જાણીને ભલા અમારે શું કામ છે? આમ જુઓ તો એ ભાઈના ઘરના લોકોનું અકળાઈ જવું વાજબી છે. સવાર સવારમાં કોઈ સારી ખબર જાણવાને બદલે રાત્રે ઠંડીથી હુંઠવાઈ એક ભિખારીએ દમ તોડયો કે પંચાણું વરસના કાકા પહેલાં એટેકમાં જ ચાલ્યા ગયા એ જાણવામાં ભલા કોને રસ હોય! હા કોઈ પ્રતિષ્ઠિત કે વગદાર વ્યક્તિ ગુજરી ગઈ હોય તો હજી અલગ વાત છે...

જો કે આ મારું બેટું જબરું હોં! કોઈક રૂપાળી હિરોઈન દારૂના નશામાં બાથટબમાં ડૂબીને ગુજરી જાય તો લોકો 'આહ' ને 'ઓહ્' કરતાં થાકે નહીં. સોશ્યલ મીડિયા પર જેને લખતા ફાવતું હોય એ આ મૃત્યું વિશે સો શબ્દોમાં ખરખરો કરે તો જેમને લખતા ના ફાવતું હોય એ હજાર શબ્દોની લિમિટ ઓળંગીને પણ હિરોઈનના મોત પર આંસુ (અહીંયા અક્ષર કે શબ્દો) ટપકાવી લે. હવે આ જ સમયે એક ગરીબ કે સામાન્ય સ્ત્રી જો નદીમાં ડૂબીને ગુજરી ગઈ હશે તો કોઈ એ વિશે ચર્ચા કરવા નવરું નહીં પડે.

અહીંયા રખે એમ માની લેતા કે ગરીબના મોતની કોઈ કિંમત નથી કે સામાન્ય માણસની કોઈને પડી નથી. જે ગરીબ/સામાન્ય લોકો મરતા પહેલાં એક વીડિયો રેકોર્ડ કરી જાય છે એમનું મોત તરત ટોક ઓફ ધ ટાઉન બની જાય છે. મરતા પહેલાં કહેલાં એક બે વાક્યો, "હું જીવનથી કંટાળી ગયો છું કે પછી, મને પ્રેમમાં દગો મળ્યો કે પત્ની બેવફા નીકળી..." મરનારને ભલે થોડો સમય જ પણ ફેમસ જરૂર કરી જાય છે. આપણે પાછા તરત આવા વિડિયો આગળ ફોરવર્ડ કરવા લાગીએ છીએ. એક રીતે તો જાણે બીજા કોઈ ખાસ માણસને છાની રીતે ધમકી આપીએ છીએ કે જો આવા જુલમો તું પણ મારા પર કરે છે અને તોય હું હજી મર્યો નથી.

આજે માણસના મોતને પણ આપણે મજાક બનાવી લીધું છે એમ કહું તો મને જરાય અતિશયોક્તિ નથી લાગતી. બીજી બધી ખબરોની જેમ મોત પણ હવે એક ખબર છે અને ખબર ચટપટી હોય તો જ મજા આવે, સાચું ને? હા, જ્યાં આપણાં છેડા અડતા હોય એવી વ્યક્તિના મોત પર ચોક્કસ દુઃખ થાય પણ જ્યાં કંઈ જ લાગતું વળગતું ના હોય ત્યાં પણ આંસુડાં સારતું ઈમોજી મૂકી આવવું હવે આપણને ગમવા લાગ્યું છે. શરત એટલી જ કે મરનાર વ્યક્તિ દમદાર હોવી હોવી જોઈએ કે પછી એનું મોત ધમાકેદાર હોવું જોઈએ!

એક વખત એક સ્કૂલ બસ પ્રવાસે ગયેલી એને રાતના સમયે અકસ્માત નડ્યો. આખી બસ પલટી મારીને રસ્તાની નીચે ઉતરી ગયેલી. હવે થયું એવું કે એમાં બે છોકરા બચી ગયેલા. એ લોકોને સહેજ પણ ઈજા નહોતી થઈ. એ બંને મિત્રોએ ભેગા થઈ એમના બીજા બેભાન સાથીઓની મદદ કરવાનું નક્કી કર્યું અને એક એક કરીને એમને બસની બહાર ખેંચી કાઢ્યા.

એ જ બસમાં બેઠેલા એક છોકરાને ગંભીર ઈજા થઈ હોવાથી એ બેઠો નહોતો થઈ શકતો પણ પૂરા ભાનમાં હતો. એણે જોયું કે એના બે મિત્રો બધાને બચાવી રહ્યા છે ત્યારે એણે એના ગજવામાં રહેલા મોબાઈલ વડે એક વીડિયો ઉતાર્યો હતો.

હવે થયું એવું કે જે છોકરાએ વિડિયો ઉતારેલો એણે હોસ્પિટલે લઈ જતા રસ્તામાં જ દમ તોડી દીધેલો. એનો ફોન પણ ખરાબ થઈ ગયેલો અને એણે જે વિડિયો રેકોર્ડ કરેલો એ કોઈના જોવામાં જ નહોતી આવ્યો. જે બે છોકરાઓએ આખા ક્લાસના છોકરાઓનો જીવ બચાવેલો એમનું નામ છાપામાં આવેલું અને ગામના લોકો બે દિવસ વાતો કરી બધું ભૂલી ગયેલાં.

એ વાતને વરસો વીતી ગયા બાદ એક દિવસ પેલો ખરાબ થઈ ગયેલો મોબાઈલ એ મૃત્યુ પામનાર છોકરાના પરિવારના એક યુવાનના હાથમાં આવી ગયો. એણે એને ઠીક કરી ચાલું કર્યો ત્યારે ખ્યાલ આવ્યો કે એમાં કેટલો જબરદસ્ત વિડિયો રેકોર્ડ કરેલો હતો.

આડી પડી ગયેલી સ્કૂલ બસનો પાછળનો કાચ તોડી બે છોકરાઓ એક એક કરીને ઘાયલ થયેલા છોકરાઓને બહાર કાઢી રહ્યા હતા...અને આ વિડિયો જેણે રેકોર્ડ કરેલો એ છોકરાનો આ છેલ્લો વિડિયો હતો. એ મોબાઈલ રિપેર કરનારા યુવાને, "મારા કુટુંબના વીરને સલામ, ઓમ શાંતિ" એટલું લખીને આ વીડિયો સોશ્યલ મીડિયા પર મૂક્યો અને એ વિડિયો તરત વાઈરલ થઈ ગયો...

હજારો લોકોએ એ વિડિયો જોયો અને ઓમ શાંતિ લખીને આગળ ફોરવર્ડ કર્યો. હવે મજાની વાત એ કે જે બે છોકરાઓ એ વીડિયોમાં હતા એમાંના એક પાસે પણ આ વિડિયો પહોંચી ચૂક્યો હતો. એને તરત યાદ આવ્યું કે આ વીડિયો તો એનો પોતાનો જ છે. એણે એ વખતે જે એની સાથે વીડિયોમાં હતો એ મિત્રને ફોન કરી સૌથી પહેલા તો "ઓમ શાંતિ" કહ્યું પછી હસીને જણાવ્યું કે અભિનંદન આજે આપણે હીરો બની ગયા! જે બહાદુરી આપણે વરસો પહેલાં બતાવેલી એના લોકો આજે વખાણ કરી રહ્યા છે. અફસોસની વાત એટલી કે આપણે હજી જીવતા છીએ અને લોકો આપણા આત્માની શાંતિ માટે કામના કરી રહ્યા છીએ. શું કરશું ચોખવટ કરવી છે?

બીજા મિત્રએ તરત જ હસી નાંખતા કહ્યું, ચોખવટ કરે કોઈ ફાયદો થવાનો છે? આપણે ખરેખર મરી જઈશું ત્યારે આપણાં બેસણાની પોસ્ટ પર પચાસ લાઈક્સ પણ નહીં આવે આપણે ક્યાં કોઈ મહાન હસ્તી છીએ. આમ જુઓ તો એક દિવસ આપણું મરવાનું પાક્કું જ છે ને, આને એની એડવાન્સ તૈયારી સમજી લેવાની. હું તો આ વીડિયોની લિંક મારા દીકરાને આપતો જઈશ અને એને કહીશ કે જે દિવસે હું સાચે જ ગુજરી જાઉં ત્યારે એ આ વિડિયો શેર કરી "ઓમ્ શાંતિ" લખી આવજે. પોસ્ટ ફરી વાયરલ થઈ જશે, દે તાળી!

**અમસ્તું,**

એક દિલી ઈચ્છા પૂરી કરજો પાછા, મારા બેસણાની પોસ્ટ પર લવ/સ્માઈલ કરતું ઈમોજી જ મૂકજો...

@Niyati Kapdia

# જ્યાં ઝૂકવાની ફેશન ચાલતી હોય, ત્યાં ટટ્ટાર ઉભેલો માણસ બધાને નડતો હોય છે!



લાગણીનો મેળો

રસિક વાળંદ

**એક કોરે કાળજું ને એક કોરે શિલા,**
**કર્મ એક સરખું કરે છે, જુલ્મી ને શિલ્પી ઉભય,**
**કિન્તુ ધરતી-આભ કેરો છે તફાવત બેઉમાં,**
**એકનું પથ્થર હૃદય બીજાનું પથ્થરમાં હૃદય.**
**- કિસ્મત કુરેશી**

હમણાં શંખ અને લિખિત મુનિની પ્રસંગ વાંચવામાં આવી... શંખ અને લિખિત બંને સગા ભાઈઓ. એક દિવસ લિખિત મોટાભાઈ શંખને મળવા ગયો. શંખમુનિ નદીએ સ્નાન કરવા ગયા હતા. લિખિત મુનિ તેમના આશ્રમમાં તેમની પ્રતીક્ષા કરી રહ્યા હતા. શંખમુનિની વાટિકામાં કેટલાક ફળાઉ ઝાડ હતાં. લિખિતમુનિની નજર તે તરફ ગઈ. સમય પસાર કરવા માટે ફળ તોડી ખાવાની શરૂઆત કરી. એટલામાં શંખમુનિ આવી પહોંચ્યા. પોતાની વાડીના ફળ વગર પરવાનગીએ લિખિત મુનિને ખાતા જોઈ તેમણે કહ્યું: "લિખિત તું મારો ભાઈ છે પણ સંયમ ધર્મ એમ કહે છે કે પારકી વસ્તુ રજા વગર ઉપયોગમાં લેવી તે ચોરી છે. તેં મારી વાડીનું ફળ આરોગી અનૈતિક કાર્ય કર્યું છે."

એમની વાત સાંભળી લિખિત મુનિએ શંખ મુનિની ક્ષમા માંગી અને તેઓ રાજા પાસે પહોંચી ગયા. રાજાને પૂછ્યું: "આપના રાજ્યમાં ચોરી કરનાર માટે કયા દંડની જોગવાઈ છે?"

"ચોરના બન્ને હાથ કાપી નાખવાની સજા." રાજાએ કહ્યું. થોડીવાર પછી લિખિત મુનિને પૂછ્યું: "તમે આવો પ્રશ્ન કેમ પૂછી રહ્યા છો? લિખિત મુનિએ કહ્યું મોટાભાઈ ની વાડીનું ફળ તેમની પરવાનગી વગર ખાધું એ ચોરી છે. મેં એમની ક્ષમા માંગી લીધી છે પણ બધાની જેમ ચોરને થતી સજા મને પણ થવી જોઈએ."

રાજાએ કહ્યું, "તમે ક્ષમા માંગી અને હૃદયથી પશ્ચાતાપ કર્યો એટલે તમે દોષમુક્ત છો."

"ના,આપ જલ્લાદને બોલાવો અને મારા હાથ કાપી નાખવાની સજા ફરમાવો, તો જ મને શાંતિ થશે." લિખિત મુનિએ જીદ ન છોડી એટલે રાજાએ જલ્લાદને તેમના બંને હાથ કાપી નાખવાનો આદેશ આપ્યો.

કપાયેલા, લોહીથી ખરડાયેલા હાથ લઈ લિખિત શંખના આશ્રમે પહોંચ્યા અને કહ્યું કે મેં ચોરીની સજા ભોગવી લીધી છે.

લિખિતની વાત સાંભળી શંખ મુનિ સ્તબ્ધ થઈ ગયા. એમણે કહ્યું: "આશ્રમની પાછળ આવેલી નદીમાં સ્નાન કરીને પાછો આવ." લિખિતમુનિએ નદીમાં સ્નાન કર્યું અને ચમત્કાર થયો. એમના બંને હાથ હતા તેવા થઈ ગયા. "બાહુ" એટલે કે હાથ આપના રીતે નદી "બાહુદા" નદી તરીકે પ્રખ્યાત થઈ.

દોસ્તો એક કાળે લોકોમાં આવી નૈતિક હિંમત હતી અને સંયમ ધર્મને તેઓ જીવનનું સર્વસ્વ માનતા હતા. લોકો સાત્વિક અને ઈમાનદારીભર્યું જીવન જીવવામાં સમર્પિત હતા. હરામની કમાણી એમને મંજૂર ન હતી. તેવું ધંધો કરતા - પૈસા પણ કમાતા પણ નહિવત નફાખોરીએ. ચોપડે "શ્રી૧!" (શ્રી સવા) ચીતરતા. હૈયે "સૌનું કરો કલ્યાણ" એવો ઈષ્ટ ભાવ... છળ પ્રપંચથી પ્રદૂષિત ન હતા. હૃદયની શુદ્ધતા ને વચનપાલનની બદ્ધતા. તેમનો જીવન પથપ્રદર્શક આદર્શ એટલે...

"ત્યાગીની ભોગવી જાણો, વાંછો મા ધન અન્યનું." એમની કથની અને કરણી એક સિક્કાની બે બાજુ... સાધુ-સંતો, મહાત્માઓ પ્રજાનું નૈતિક જીવન ઘડનારા...

આજે તો ચાર્વાક બુદ્ધિએ ઘેલું લગાડ્યું છે,"દેવું કરીને ઘી પીઓ." ભોગવિલાસ ને ભૌતિક સુખોમાં સૌ રમમાણ... બસ સુખ-સુવિધા ને કોઈપણ ભોગે મોજ મજા... જીવનમાં ઉદાત્ત મૂલ્યો વિસરાયાં... કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરથી ઘેરાયેલો માનવી આત્મસંયમ ગુમાવી સ્વેચ્છાચારી બન્યો છે. વાસનાંધ બની ગમી તેવા હલકટ ને ભયાનક કાર્યો કરતા સહેજ પણ અચકાતો નથી. નૈતિકતા ,પવિત્રતા ને કર્તવ્ય પરાયણતાને તો નેવી મૂકી દીધી. સંયમ ધર્મ જેવો વિચાર જ ક્યાંથી સ્ફૂરે કે સમજાય?!

ચિંતક લિટને મનુષ્યના અધઃપતન વિશે સરસ વાત કહી છે, "પાપ પહેલા તો મજાનું લાગે છે, પછી તે સહેલું બની જાય છે. એટલે માણસને આનંદ આવે છે. તે તેનો સ્વભાવ બની જાય છે. પછી માણસ નફ્ફટ બની જાય છે. અને નક્કી કરી લે છે કે ક્યારેય પાપ બદલ પસ્તાઈશ નહીં અને અંતે બરબાદ થઈ જાય છે."

દોસ્તો, એક કાળે આટલું શિક્ષણ કે સુવિધાઓ ન હતી છતાં સ્વાવલંબી, સ્વાશ્રયી ને સંયમી હતા. ખરા અર્થમાં '' હતા... એટલે જ કવિ સુંદરમે કહ્યું છે, "હું માનવી માનવ થાઉં તો ઘણું..."

**સ્પર્શમણિ**

**વખાણ કરનાર તમારી સ્થિતિ જુએ છે અને ચિંતા કરનાર તમારી પરિસ્થિતિ...!**

★★★★★

**જ્યાં ઝૂકવાની ફેશન ચાલતી હોય, ત્યાં ટટ્ટાર ઉભેલો માણસ બધાને નડતો હોય છે!**

★★★★★★

**ખોટું કરવા માટે નહીં પણ ખોટું ન કરવા વધારે હિંમતની જરૂર પડે છે.**

★★★★★★

rasikvaland1965@gmail.com
99134 26949